**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. I-૦૯-૨૦૧૫-૧૬**

અરજદાર: શ્રી ભગાભાઇ ખુમાભાઇ વાઘરી,
મુ.: તેલનાર, તા.કપડવંજ,
જી.: ખેડા.

રજુઆત કરનાર: શ્રી ભગાભાઇ ખુમાભાઇ વાઘરી જાતે

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
કપડવંજ (આરઇસી) સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી આર. એમ. પટેલ, નાયબ એન્જીનીયર, કપડવંજ (આરઇસી) સબ-ડિવિઝન.

ફરીયાદીની તા. ૦૨.૦૪.૨૦૧૫ની ખેતી વિષયક વીજ જોડાણ માટેની અરજી.

તા. ૦૮.૦૫.૨૦૧૫ ના રોજ ફરિયાદીની ફરિયાદ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરિયાદી શ્રી ભગાભાઇ ખુમાભાઇ વાઘરી જાતે તેમજ સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી આર. એમ. પટેલ, નાયબ એન્જીનીયર, કપડવંજ (આરઇસી) સબ-ડિવિઝન ના ફોરમ સમક્ષ હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીના પિતાશ્રી ખુમાભાઇ બાબાભાઇ વાઘરી ના એ તા. ૦૫.૧૦.૧૨ ના રોજ સર્વે નં. ૮૯/પૈકી મુ. તેલનાર તા. કપડવંજ મુકામે ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા વિકલ્પ-ક (એટલે કે બોર/કૂવો અસ્તિત્વમાં હોય) માં અરજ કરેલ.

૨. જેનો અગ્રતાક્રમ નં. ક-૧૧૮૪ હતો. તા. ૧૮.૦૩.૧૫ ના રોજ કપડવંજ કચેરીના અધિકારીઓ સર્વે કરવા આવેલ. તે વખતે ખેતરમાં બોર/કૂવા માટે ની તમામ તૈયારીઓ થઇ ગયેલ. પરંતુ ટ્યુબવેલ બનાવનાર ની મશીનરી બગડેલ હોઇ અઠવાડિયાનો વિલંબ થયેલ.

૩. તા. ૨૨.૦૩.૧૫ ના રોજ બોર/કૂવો તૈયાર થઇ ગયેલ. તા. ૨૮.૦૩.૧૫ ના રોજ નાયબ ઇજનેરને રજૂઆત કરેલ કે મારો બોર/કૂવો તૈયાર થઇ ગયેલ છે. તેઓએ જણાવેલ કે તમોને હવેથી કનેક્શન મળશે નહિં. ફરિયાદીએ પોતે ગરીબી રેખા હેઠળ આવતા હોઇ તેઓના ખેતરમાં ઢોર માટે ઘાસચારો તથા અનાજ ઉગાડી તેઓનું ભરણપોષણ કરી શકે તેથી તેમના બોર/કૂવા ઉપર વીજ કનેક્શન મળે તેના માટે નમ્ર અરજ કરેલ છે.

ફરિયાદી તરફે ફરિયાદીશ્રી ભગાભાઇ ખુમાભાઇ વાઘરી જાતે હાજર રહ્યા અને જણાવ્યુ કે, મને મારા બોર/કૂવા ઉપર વીજ જોડાણ આપો.

સામાવાળા તરફે શ્રી આર. એમ. પટેલ, નાયબ એન્જીનીયર, કપડવંજ (આરઇસી) સબ-ડિવિઝન ના હાજર રહ્યા અને જણાવ્યું કે, ફરિયાદીના પિતાશ્રીએ કનેક્શન માટે અરજી કરી ત્યારે અરજી સાથે એ-૧ ફોર્મ, ૭/૧૨, ૮/એ ના ઉતારા અને બોર/કૂવો હયાત હોવાનું જણાવી દસ્તાવેજ રજૂ કરેલ. ડ્રો મુજબ ફરિયાદીનો જી.પી.નં. વિકલ્પ-કે/૧૧૮૪ હતો. તા. ૧૮.૦૩.૧૫ ના રોજ શ્રી એ. એ. કુરેશી, જુની.ઇજનેર, કઠલાલ દ્વારા ફરિયાદીની હાજરીમાં સર્વે કરવામાં આવેલ. સર્વે દરમ્યાન જણાઇ આવ્યું કે, બોર/કૂવાનું અસ્તિત્વ સર્વે નં. ૮૯/પૈકી, મુ. તેલનાર ની સાઇટ પર નથી. તે મુજબ પંચનામું તૈયાર કરવામાં આવ્યુ. જેમાં ફરિયાદીએ સહી કરેલ છે. જેથી ફરિયાદીની કનેક્શન મેળવવા માટેની અરજી નિયમ મુજબ વિકલ્પ-ક માંથી વિકલ્પ-ડ માં તબદીલ કરવામાં આવેલ. જેની જાણ ફરિયાદીને પત્રક્રમાંક નં. : કેપીજે/આરઇસી/ ૯૫૦/તા. ૨૧.૦૩.૧૫ થી કરેલ. સામાવાળાએ રજૂઆત કરેલ છે કે ફરિયાદીની વીજ કનેક્શન મેળવવા માટેની અરજી રદ્દ કરેલ નથી પરંતુ વિકલ્પ-ક માંથી વિકલ્પ-ડ માં તબદીલ કરવામાં આવેલ છે. વિકલ્પ-ડ માં જ્યારે તેઓનો નંબર આવશે ત્યારે તેઓને વીજ જોડાણ આપવામાં આવશે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહયા.બંન્ને પક્ષકારોને સાંભળયા તથા બંન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી અને એ નિર્ણય પર આવ્યા કે વિકલ્પ-ક ફક્ત હયાત બોર/કુવા માટે અને વિકલ્પ-ડ બોર/કૂવો હયાત ન હોય તે માટે છે. આ વિકલ્પો અરજદારોએ નવા વિજ કનેક્શન માટે અરજી કરી ત્યારે પસંદ કરવાના હતા. ફરિયાદીએ બોર/કૂવો હયાત ન હોવા છતાં વિકલ્પ-ક પસંદ કરેલ કે જેથી વિજ કનેક્શન જલદી મળે પણ તે નિયમ વિરૂદ્ધ છે અને બીજા અરજદારોને અન્યાયકર્તા છે. જેથી સ્થળ સર્વે કર્યા પછી બનાવેલ બોર/કુવા પર વિજ કનેક્શન આપવાની માંગણી વિકલ્પ-ક ના અગ્રતાક્રમમા ગ્રાહ્ય રાખી શકાય નહીં.સામાવાળાએ ફરિયાદીની વિકલ્પ-ક ની અરજી વિકલ્પ-ડ માં તબદીલ કરેલ છે જે યોગ્ય છે.

ફરિયાદી તરફથી સૌર ઉર્જાના વિકલ્પમાં પૂછવામાં આવતા સામાવાળાએ માહિતી આપેલ કે સૌર ઉર્જાથી વિજ કનેક્શન ૫ હો.પા. સુધી આપી શકાય છે અને તે માટે અરજદારે અલગથી અરજી કરવાની રહેશે.

## હુકમ

ફરિયાદીશ્રી શ્રી ભગાભાઇ ખુમાભાઇ વાઘરી, મુ.: તેલનાર, તા.કપડવંજ, જી.: ખેડા ના ને હુકમ કરવામાં આવે છે કે સામાવાળાએ ફરિયાદીની વિકલ્પ-ક ની અરજીને વિકલ્પ-ડ ની અરજીમાં તબદીલ કરેલ છે તે બરાબર છે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ)<br>ટેકનિકલ મેમ્બર | (હર્ષા એસ. ચૌહાણ)<br>ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | (પી. જે. પટેલ)<br>ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.
(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.
(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.
(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.
(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.
(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.
(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.
(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.
(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.